# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્ય સરકાર આગામી 23 તારીખથી ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે.**
2. વિધાનસભામાં ધારાસભ્યોના સૂચનો અને રજૂઆત પર સત્વરે કાર્યવાહી કરવા મુખ્યમંત્રીનો વહીવટી તંત્રને આદેશ.
3. રાજ્યની 16 મહાનગરપાલિકામાં 21 અને 22 તારીખે મિલેટ મહોત્સવનું આયોજન.
4. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જામનગર અને પોરબંદરમાં 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
5. **ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા અને ચૈત્રી નવરાત્રિનો આજથી પ્રારંભ.**
6. **રાજ્યમાં આજથી 2 દિવસ કમોસમી વરસાદની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# TEKA NA BHAVE KHARIDI

રાજ્ય સરકાર દ્વારા આગામી 23 માર્ચથી ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે. કૃષિમંત્રી જિતુ વાઘાણીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, બે લાખ 68 હજારથી વધુ ખેડૂતોએ ચણા માટે અને 37 હજારથી વધુ ખેડૂતોએ રાઈ માટે નોંધણી કરાવી છે. આ વખતે ખેડૂતોને ચણાનો ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ પાંચ હજાર 875 રૂપિયા અને રાઈનો છ હજાર 500 રૂપિયા મળશે. ચણા માટે 165 કેન્દ્ર અને રાઈ માટે 60 કેન્દ્ર નિર્ધારિત કરાયા છે.

# CM PATEL AADESH

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યોએ કરેલા સૂચનો અને રજૂઆત પર સત્વરે કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટી તંત્રને આદેશ આપ્યો છે. આ અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, ગૃહમાં વિવિધ વિભાગની માગણીઓ અને વિધેયક પરની ચર્ચામાં શાસક અને વિરોધ પક્ષના સભ્યોએ અનેક મહત્વના સૂચન, પ્રશ્ન અને રજૂઆત કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યના વિવિધ વિભાગના સચિવોને ધારાસભ્યોએ ગૃહમાં કરેલા સૂચનની નોંધ લેવા અને ઝડપથી કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે.

**(BYTE: JITU VAGHANI, PRAVATA MANTRI)**

# MILLET MAHOTSAV STATE

રાજ્યની 16 મહાનગરપાલિકામાં આ 21 અને 22 તારીખે શ્રીઅન્ન એટલે કે, મિલેટ મહોત્સવ યોજાશે. ગાંધીનગરમાં ગઈકાલે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ અંગે લેવાયેલા નિર્ણયની માહિતી આપતા પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રાજ્યસ્તરનો મિલેટ મહોત્સવ – પ્રાકૃતિક ફાર્મર માર્કેટ 2026માં ગ્રાહકોને મિલેટના શુદ્ધ ઉત્પાદનો ખરીદવાની સાથે તાજી વાનગીઓનો સ્વાદ માણવાની તક મળશે. તેમજ ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચે તે માટેનું સશક્ત મંચ પણ મળી રહેશે.

**(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI)**

# GUJARAT VIDHANSABHA UCC

ગુજરાત વિધાનસભા ગૃહમાં આગામી 24 માર્ચે સમાન નાગરિક સંહિતા – UCCનો અહેવાલ રજૂ કરાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, વિધાનસભામાં તમામ નિયમ પર વિસ્તૃત ચર્ચા કરાયા બાદ નિયમ લાગુ કરાશે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ વધુ માહિતી આપી.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI)

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ UCC સમિતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અંતિમ મુસદ્દા અહેવાલ સોંપ્યો હતો.

# NIFT GANDHINAGAR PROG

ગાંધીનગરમાં રાષ્ટ્રીય ફૅશન પ્રૌદ્યોગિકી સંસ્થાન – N.I.F.T.ના પરિસરમાં આજે ક્રાફ્ટ બજાર અને ક્રાફ્ટ પ્રદર્શન કાર્યક્રમ યોજાશે. કુશળ કારીગરોને એક મંચ પૂરૂં પાડવાની સાથે અધિકૃત હાથવણાટ અને હસ્તકળાના ઉત્પાદનોનું પ્રદર્શન કરવાના હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ અંગે ગાંધીનગર NIFTના નિદેશક ડૉક્ટર સમીર સુદે વધુ માહિતી આપી.

(BYTE: DR. SAMIR SOOD, DIRECTOR, NIFT GANDHINAGAR)

# CM JAMNAGAR PORBANDAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જામનગર અને પોરબંદરમાં કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી પોરબંદર જિલ્લામાં 356 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 45 જેટલા વિકાસકાર્યોની ભેટ આપશે. તેઓ 263 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા 16 કામનું ઈ-ખાતમુહૂર્ત અને 93 કરોડ રૂપિયાથી વધુના 29 કામનું ઈ-લોકાર્પણ પણ કરશે.

જ્યારે જામનગરમાં શ્રી પટેલ હાપા APMC ખાતે ખેડૂતોને સંબોધન કરશે. તેઓ નગરગૃહ ખાતેથી જામનગર શહેર અને જિલ્લાને 412 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 57 જેટલા વિકાસકાર્યોની ભેટ આપશે.

# NARMADA PARIKRAMA

ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો ફાગણ વદ અમાસ આજથી પ્રારંભ થઈ રહ્યો છે. પરિક્રમા કરનારા ભક્તોની શ્રદ્ધા અને આસ્થાને ધ્યાને રાખી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકા બૉર્ડ દ્વારા ભક્તો માટે વિશેષ સુવિધા કરવામાં આવી છે. લાખો શ્રદ્ધાળુઓ પવિત્ર નદી નર્મદાના કિનારે ત્રીસ કિલોમીટરની આધ્યાત્મિક યાત્રા કરવા એકત્રિત થશે. ધાર્મિક આસ્થાનું અનોખું પ્રતિક બનેલી આ પરિક્રમા આગામી 17 એપ્રિલે પૂર્ણ થશે. આ અંગે સાંભળીએ અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ.

(VOICECAST: APARNA KHUNT)

આજથી ચૈત્રી નવરાત્રિ પર્વનો પણ પ્રારંભ થયો છે. શક્તિપીઠ અંબાજીમાં પણ ચૈત્રી નવરાત્રિ નિમિત્તે આજથી આગામી 26 તારીખ સુધી માતાજીની આરતી સવારે સાત વાગ્યે અને દર્શન સાડા સાત વાગ્યાથી કરાશે. તેમ અંબાજી મંદિરના પૂજારી જયશીલ ઠાકર મહારાજે જણાવ્યું.

તો, મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા તેમના નવ વર્ષ “ગુડી પડવા”ની આજે પણ ઉજવણી કરાશે.

# Weather

હવામાન વિભાગે રાજ્યમાં આજથી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરી છે. આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર અને કચ્છમાં વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટ - ડૉ. એ કે દાસ)**

દરમિયાન ગઇકાલે રાતથી રાજ્યના અનેક જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો છે. બનાસકાંઠા અને વાવ થરાદમાં પવનની સાથે છૂટછવાયા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. અમરેલીમાં ગઇકાલે સાંજે ધૂળની ડમરીઓ ઉડી અને ભારે પવન સાથે વરસાદ નોંધાતા ખેડૂતોમાં  પાક નુકસાનની ભીતિ સેવાઇ રહી છે.

અમદાવાદમાં પણ વહેલી સવારે ભારે પવન ફુંકાયા બાદ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. કચ્છના નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકામાં પવન સાથે સામાન્ય વરસાદ વરસ્યો છે. ભારે પવનના કારણે કેટલાક વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાયો છે અને કેટલાક સ્થળે વૃક્ષો પડી ગયા છે.

# GIR SOMNATH GAS AGENCY TAPAS

ગીર સોમનાથમાં વહીવટી તંત્ર દ્વારા હોટેલ, રેસ્ટોરાં અને 21 જેટલી ગેસ એજન્સીઓમાં તપાસ કરવામાં આવી. દરમિયાન છ ગેસના બાટલા સાથે ચાર લાખ 17 હજાર રૂપિયાનો જથ્થો કબજે કરાયો હોવાનું જિલ્લા કલેક્ટર એન. વિ. ઉપાધ્યાયે જણાવ્યું.

**(BYTE: N. V. UPADHYAY, COLLECTOR, GIR SOMNATH)**